શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ખાતે પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે એકમથી પૂનમ સુધી ભવ્ય કલાત્મક મંદિરમાં તેમજ આંબાની ડાળે હિંડોળા અને ગોકુલધામ અને હિમાલય દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ગોકુલ ધામમાં કાલીયા દમન, ગોવર્ધન લીલા, માખણચોર, વાસુદેવજી ગોકુલગમન, વૃંદાવન વાંસળી સહિતની અનેક ચિત્રકૃતિ મુકવામાં આવી છે. સર્વ ધર્મપ્રેમી જનતા આ પ્રદર્શન સાંજે ૪ થી ૮ કલાક સુધી નિહાળી શકશે. (તસવીર : નિકેશ બારોટ)

આજથી સરકારી કચેરીઓમાં મીની વેકેશનનો માહોલ

ઓગષ્ટ માસમાં દસ રજાઓનો મેળ

ગાંધીનગર, તા. ૮

તહેવારોની મોસમ શરૂ થતા આ મહિને રજાઓ પણ ખુબ આવી રહી છે. ઈદની સળંગ ત્રણ રજાઓ બાદ પંદરમી ઓગષ્ટ, રક્ષાબંધન અને જન્માષ્ટમીની રજાઓનો મેળ બેસતા મીની વેકેશન પડશે.

ઓગષ્ટ માસમાં શનિ-રવિની રજાઓ સહિત કુલ દસ રજાઓ છે. ૯મીએ રમઝાન ઈદની રજા છે. તે પછી સરકારી કચેરીઓમાં બીજા શનિવાર અને રવિવારની રજા છે. સળંગ ત્રણ દિવસની રજાનો મેળ બેસતા કર્મચારી વર્ગમાં ખુબ ઉત્સાહ છે. ઘણા મહિનાઓ બાદ સળંગ ત્રણ રજાઓનો મેળ બેસતા વતનથી દૂર રહેતા કર્મચારીઓએ વતન જવાનો પ્લાન બનાવ્યો છે. તો કેટલાકે સહકુટુંબ બહારગામ હરવા ફરવાનો પ્લાન બનાવ્યો છે. ઈદની રજા બાદ ગુરૂવારે ૧૫મી ઓગષ્ટની રજા છે. તે પછી ૨૦મીએ રક્ષાબંધનની રજા છે. રક્ષાબંધન મંગળવારે આવે છે. આ માટે તહેવારમાં પણ બહારગામ જવા મળે અને પરિવાર સાથે સમય પસાર કરી શકાય તે માટે ઘણા કર્મચારીઓ સોમવારના દિવસની રજા મુકી ત્રણ દિવસ રજા ભોગવવાનો પ્લાન બનાવી રહ્યા છે. તે પછી જન્માષ્ટીની ઉજવણી ૨૮મીને બુધવારના રોજ થશે. ૨૪મીએ ચોથો શનિવાર અને ૨૬ તથા ૨૭મીએ રજા મુકી સાતમ આઠમની ઉજવણી ધામધૂમથી કરવાનો પણ ઘણા પ્લાન કરી રહ્યા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર તરફ વતન ધરાવતા વસાહતીઓ અને કર્મચારીઓ સાતમ-આઠમની ઉજવણી વતનમાં કરવાનુ નક્કી કરી રહ્યા છે.

શહેરના માર્ગોની ઓળખ દર્શાવતા ૨૦ જંકશન બોર્ડ લગાવાશે

જંકશન બોર્ડની ડિઝાઈનમાં પણ ફેરફાર કરાયો

ગાંધીનગર, તા.૮

શહેરના માર્ગોની ઓળખ દર્શાવતા જંકશન બોર્ડ લગાવાશે. પાટનગર યોજના વિભાગ દ્વારા હાલ ઘ-૨ પાસે એક બોર્ડ લગાવાયું છે. આ ઉપરાંત માર્ગોના નવા નામાભિધાન મુજબ પણ બોર્ડ લગાવી દેવાયા છે. જયારે હવે મુખ્ય માર્ગો પરના જંકશન પર બોર્ડ મુકવામાં આવશે. જંકશન બોર્ડની ડિઝાઈનમાં પણ ફેરફાર કરાયો છે.

બે વર્ષ પૂર્વે સરકાર દ્વારા શહેરના વિવિધ માર્ગો અને સર્કલોને નવા નામ આપવામાં આવ્યા હતા. જયારે માર્ગોના નવા નામાભિધાન બાદ કક્કા-બારખડી પરથી ઓળખાતા રસ્તાઓની નવી ઓળખ પ્રસ્થાપિત કરવા વિવિધ ઠેકાણે નવા નામો મુજબ બોર્ડ મુકવાનો નિર્ણય લેવાતો હતો જયારે નાના મોટા બોર્ડ મુકવા પાછળ અંદાજિત રૂ. ૨૬ લાખનો ખર્ચ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ મુજબ શહેરના આડા અને ઉભા મુખ્ય માર્ગો પર તંત્ર દ્વારા તોરિંગ બોર્ડ ઉભા કરી દેવાયા છે. જેમાં વિવિધ માર્ગોના નવા નામો દર્શાવાયા છે પરંતુ હજુ નવા નામાભિધાન અન્વયે શહેરના વિવિધ જંકશન પર બોર્ડ લગાવવાની કામગીરી બાકી છે. શહેરમાં જુદા જુદા ૨૦ ઠેકાણે આ પ્રકારના જંકશન બોર્ડ લગાવવામાં આવશે. શહેરના મુખ્ય માર્ગો પર ચાર રસ્તા પાસે લગાવવામાં આવનાર જંકશન બોર્ડમાં ચારેય તરફના માર્ગો ઉપરાંત સર્કલનું નામ પણ દર્શાવવામાં આવશે. ટૂંક સમયમાં જંકશન બોર્ડ લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. શહેરના વિવિધ માર્ગો પર નવા નામાભિધાન મુજબ બોર્ડ લગાવી દેવાતા બહારથી આવતા મુલાકાતીઓને પણ માર્ગોની ઓળખ અંગે ખ્યાલ આવશે. જો કે હજુ શહેરના બસ સ્ટોપ પર કક્કા-બારખડી મુજબ જ ઓળખ દર્શાવાયેલી યથાવત છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોના જાહેર માર્ગોની સ્ટ્રીટલાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદ ઉગ્રબની છે.
- રાજયના મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલ આજે ગાંધીનગર આર્ટસ કોલેજમાં ગયા હતા અને તેમણે મતદાર નોંધણી ઝુંબેશ તેમજ સુધારણા ઝુંબેશને લઈ વિગતો આપી વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી હતી.
- ૧૦ ધી ૧૨ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં એક તબક્કે ભાજપના સભ્યો વચ્ચે જ જીભાજોડી થઈ હતી.
- ૧૦ ધી ૧૨ મહાનગરપાલિકાએ આજે એક આદેશ કરી શ્રાવણ માસના સોમવારે તથા જન્માષ્ટમી પર્વને લઈ મટન-મચ્છીની દુકાનો બંધ રાખવા જણાવ્યું છે.
- ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠકમાં તાલુકા પંચાયતના પ્રમુખ કાળાજી ઠાકોરે ખાસ હાજરી આપી હતી.

દ્વીચક્રી વાહનોમાં પસંદગીના નંબર માટે ૧૩૨ અરજદારોએ રસ દાખવ્યો

જીજે-૧૮ સીની નવી સીરીઝ માટે હરાજીની પ્રક્રિયા યોજાઈ

ગાંધીનગર, તા. ૮

આર.ટી.ઓ. કચેરી દ્વારા દ્વીચક્રી વાહનો માટે નવી સીરીઝ જી.જે.-૧૮ સી.ઈ.ની શરૂ થતાં પંસદગીના નંબરો મેળવવા માટે આર.ટી.ઓ તંત્રને ૧૩૨ અરજીઓ મળી હતી. પસંદગીના નંબરો અને શુભાંકનું ટોટલ મેળવવા હવે દ્વીચક્રી વાહનોમાં પણ ચોઈસ નંબર મેળવવા વાહન માલિકોમાં ઉત્સુકતા વધી છે.

શહેરમાં દિન-પ્રતિદિન વાહનોની સંખ્યા વધતી જાય છે. છેલ્લા એક દાયકામાં વાહનોની સંખ્યામાં દસ ઘણો વધારો થતો હોવાનુ ધ્યાને આવ્યું છે. જયારે માર્ગ પર દોડતા વાહનો પૈકી પસંદગીનો નંબર ધરાવતા વાહનોની સંખ્યા પણ વિશેષ જોવા મળે છે. યુવાપેઢીઓ પણ ગમતા નંબરો અને શુભાંક ગણાતા આંકનું ટોટલ

● અનુસંધાન પાન-૭ પર

હવે વધુ ૪ સેક્ટરોમાં સફાઈ અભિયાન

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હવે બીજા તબક્કામાં સે. ૭, ૧૪, ૨૪ અને ૨૬માં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે તેમ સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેએ જણાવ્યું છે.

સ્થાયી સમિતિની બેઠક બાદ તેમણે જણાવ્યું હતું કે આ અભિયાન ટુંક જ સમયમાં હાથ ધરવામાં આવશે અને તે અંગેનું આયોજન કરવા માટેની સુચનાઓ આપી દેવામાં આવી છે. આજની બેઠકમાં સફાઈનો મુદ્દો ચર્ચામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

આજે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં મોબાઈલ ટોયલેટની ખરીદી કરવા માટેનો વર્ક ઓર્ડર આપવા તેમજ સેક્ટરોમાંથી કચરાના કન્ટેઈનરો ઉપાડવા માટેના કોન્ટ્રેક્ટની મુદત વધુ ૪ માસ માટે લંબાવવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્ટેન્ડીંગ કમિટીની આજની બેઠકમાં નિર્ણયો સર્વાનુમતે થયા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં સફાઈ માટેનો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકાયા પછી સે. ૨, સે. ૩૦માં સફાઈ કરાઈ હતી. હવે સે. ૭, સે. ૧૪, સે. ૨૪ અને સે. ૨૬ માં આવુ જ સઘન અભિયાન હાથ ધરવામાં આવશે.

તાલુકા પંચાયતની કારોબારી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલી કારોબારી સમિતિની બેઠકમાં ૧૩મા નાણાંપંચની મળેલ રૂ. ૧૭ લાખની ગ્રાન્ટના કામોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી ઘનશ્યામભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલ કારોબારી સમિતિની બેઠકમાં હાલ તાલુકામા ચાલી રહેલા વિકાસ કામોની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

ચાર જેટલા કામો વીજળીકરણ ભૂગર્ભ ગટરના તેમજ સોલિડવેસ્ટ મેનેજમેન્ટના જે હાથ ન ધરાયા હોવાથી તેનો હેતુફેર કરી બે લાખના નવા કામો હાથ ધરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

વિકાસના કામો તેની સમયમર્યાદામાં જ પૂર્ણ થાય તે જોવા માટેની કડક તાકીદ પણ આજની આ બેઠકમાં કરવામાં આવી હતી.

ચૂડવેલ ઈયળનો ઉપદ્રવ - સતત વરસાદના પગલે ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અને વિશેષ કરીને કૃષિ ક્ષેત્રે ચૂડવેલ ઈયળનો ઉપદ્રવ વ્યાપક પ્રમાણમાં વર્તાય છે.... ખાસ કરીને આલમપુર, ચિલોડા વિસ્તારમાં ખેડૂતો માટે ચૂડવેલ ઈયળનો ઉપદ્રવ ચિંતાનો વિષય બની ગયો છે... જિલ્લા પંચાયતનો કૃષિ વિભાગ ઉપદ્રવની સામે પગલા ભરવા કાર્યરત છે પરંતુ ઉપદ્રવ વ્યાપક પ્રમાણમાં હોવાથી પગલાં ઝડપી લેવાય એમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

બંધ સરકારી મકાનોમાં પણ એન્ટી લારવેલની કામગીરી કરો : કલેકટર

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના જાહેર સ્થળો પર વોટર લોગીંગ ના થાય તેમજ બંધ સરકારી આવાસોમાંથી વરસાદી પાણીના નિકાલ માટે આરોગ્યતંત્રને સાથે રાખી માર્ગ-મકાન વિભાગને કામગીરી કરવા જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે જણાવ્યું છે.

આજે કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને વાહનકજન્ય રોગચાળાની સ્થિતિને નાથવા માટે એક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

જિલ્લા કલેકટરશ્રી આજે વોટર લોગીંગ દૂર કરવા માટે માર્ગ મકાન વિભાગે કરેલી કામગીરીની સમીક્ષા કરી હતી. આ ઉપરાંત આરોગ્ય વિભાગે પણ લીધેલા પગલાંઓની જાણકારી મેળવી હતી.

આજની આ બેઠકમાં બંધ ખાલી સરકારી આવાસોમાં અને તેની ટાંકીઓમાં થયેલા પાણીનો નિકાલ કરવા તેમજ આ આવાસોમાં એન્ટી લારવેલની કામગીરી કરવા માટે આરોગ્યતંત્રને સાથે રાખી આગળ વધવા જણાવ્યું હતું.

મળતી વિગતો પ્રમાણે ખાસ કરીને જાહેર સ્થાનો પર જયાં લોંગીગ થાય છે ત્યાં સતત એન્ટી લારવેલની કામગીરી થાય તેના પર પણ કલેકટરશ્રીએ ભાર મુકયો હતો. વોટર લોગીંગના કિસ્સાઓ ના બને તે માટે માર્ગોની સફાઈનું નિયમિત મોનીટરીંગ કરવા મ્યુનિ. કમિશનરશ્રીને જણાવવામાં આવ્યું હતું.

આજની આ બેઠકમાં મ્યુનિ. કમિશનરશ્રી, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી તથા પા. યોજનાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ખાત્રજમાંથી ૧ કેસ કોલેરાનો મળ્યો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ખાત્રજ ગામેથી એક કોલેરાનો પોઝીટીવ કેસ મળી આવતાં આરોગ્ય તંત્રએ ગામમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

૪ વર્ષની નાની બાળાને કોલેરા પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે અમદાવાદ સોલા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર જિલ્લામાં કોલેરાથી આ કેસ સાથે ૧૦ કેસ થયા છે. જેમાં ચાર કેસ ખોરજ ગામેથી મળ્યા હતા. ૩ કેસ ગાંધીનગર શહેરમાંથી તો બે કેસ દહેગામમાંથી મળી આવ્યા હતા.

આરોગ્ય વિભાગે હાથ ધરેલા સર્વેલન્સમાં કોઈ નવા કેસ મળ્યા નથી. તંત્રએ ગામમાં ક્લોરીનેશન સહિતની કામગીરી માટે આજથી નમુના પણ લઈ અને તેની ચકાસણી હાથ ધરી છે.

શહેરના ૫ સર્કલોને વિકસાવવા હજુ કોઈ નિર્ણય લેવાયો નથી

રસ દાખવતી સંસ્થાઓને જવાબદારી સોંપવા તંત્રએ દરખાસ્ત કરી છે

ગાંધીનગર, તા. ૮

શહેરમાં સ્થિત ૨૬ સર્કલો પૈકી ૫ સર્કલો હજુ પણ વિકસાવી શકાયા નથી. અન્ય સર્કલોની જેમ આ સર્કલોને વિકસાવવાની જવાબદારી સંસ્થાઓને સોંપવા લાંબા સમયના અંતે પણ નિર્ણય લેવાયો નથી.

શહેરના મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોને આઠ વર્ષ અગાઉ નવા રૂપરંગ આપવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા શહેરના સર્કલોને સુશોભિત કરવા નગરની ખાનગી સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી. જ્યારે આ અન્વયે તબક્કાવાર ૨૧ જેટલા સર્કલો વિકસાવવામાં આવ્યા હતા જેના પરિણામે અગાઉ માત્ર ટ્રાફિકની દ્રષ્ટીએ ધ્યાને લઈ નિર્માણ કરાયેલા સર્કલો મુખ્યમાર્ગો પર આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. સર્કલોની નગરી તરીકેની ઓળખ ધરાવતા શહેરમાં સર્કલોની નવી ઓળખ ઉભી થઈ છે. જયારે આ સર્કલોની જાળવણીના મામલે સંસ્થાઓની મુદત પુરી થતા તંત્ર દ્વારા સર્કલોની દરકાર માટે સંસ્થાઓને મુદત લંબાવી દેવા દરખાસ્ત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરમાં સ્થિત ૨૬ સર્કલો પૈકી હજુ ૨૧ સર્કલોને જ વિકસાવવામાં આવ્યા છે. જ્યારે ૫ સર્કલોને અન્ય સંસ્થાઓને સોંપવા વિભાગને દરખાસ્ત મોકલી દેવાઈ છે. જેમાં ચ-૨, ઘ-૫, ખ-૬, ગ-૬ અને

● અનુસંધાન પાન-૭ પર

જૂના સચિવાલયનુ તાર સેવા કેન્દ્ર ચાલુ રાખવા મહામંડળની રજૂઆત

સાડા ચાર દાયકા બાદ તાર વ્યવસ્થા બંધ : ૧૨ કલાક માટે સેવાઓ ઉપલબ્ધ કરવા માંગ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સાડા ચાર દાયકાથી કાર્યરત તારસેવા ગત જુલાઈ મહીનાથી બંધ કરી દેવામાં આવી છે ત્યારે ટ્રીબ્યુનલોમાં કેસ માટે આવતા લોકોને કેન્દ્રની અન્ય સુવિધા ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવા મહામંડળે રજૂઆત કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા અનુસાર વર્ષ ૧૯૭૦ પહેલા શહેરમાં તાર કચેરી અને તેની સાથેની સેવાઓ સે. ૨૯માં શરૂ કરવામાં આવી હતી ત્યારબાદ જૂના સચિવાલય ખાતે આ સેવા શરૂ કરવામાં આવી હતી. તા. ૯ જાન્યુઆરી વર્ષ ૧૯૮૪ દરમિયાન માર્ગ-મકાન મંત્રી ખોડીદાન ઝુલાના

● અનુસંધાન પાન-૭ પર

આજે ઈદ-ઉલ-ફિત્રની નમાઝ અદા થશે

રમઝાન-ઈદના પાવન પર્વ પર રાજયપાલશ્રીની મુબારકબાદી

ગાંધીનગર, તા. ૮

રમઝાન માસ પૂર્ણતાના આરે છે અને આજે મોડીસાંજે ચાંદ દેખાતા આવતીકાલ તા. ૯મી ઓગસ્ટે ઈદ-ઉલ-ફિત્રની નમાજ અદા કરાશે અને રમાઝાન ઈદની ઉલ્લાપૂર્વક ઉજવણી થશે. ગાંધીનગર શહેરમાં બે સ્થળોએ અને પેથાપુર ઈદગાહ ખાતે ઈદ ઉલ ફીત્રની નમાઝ અદા કરાશે.

ઈદની ઉજવણીનો માહોલ છવાયો છે. આજે ચંદ્રદર્શનની પૂર્ણ શક્યતા હોઈ આવતીકાલે શુક્રવારે ઈદ ઉલ ફીત્રની ઉજવણી કરવામાં આવે તેવી શક્યતા છે. ગાંધીનગર શહેરમાં ઈદગાહ, સેકટર-૨૮ ચરેડી ખાતે સવારે ૮.૩૦ વાગે નમાઝ અદા કરાશે. જ્યારે જામા મસ્જીદ, સેકટર-૨૧ ખાતે સવારે ૯ વાગે અને પેથાપુર ઈદગાહ ખાતે સવારે ૮.૩૦ વાગે ઈદની નમાઝ અદા કરાશે.

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ રાજયના મુસ્લિમ સમાજને વિત્ર રમઝાન-ઈદની હાર્દિક મુબારકબાદી પાઠવી છે.

રાજયપાલશ્રીએ તમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે ઈદનો તહેવાર સામાજિક જીવનમાં પ્રેમ, શાંતિ અને ભાઈચારાની ભાવનાને દૃઢ બનાવશે અને સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિ કરશે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ માર્કાના ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com